# અરવલ્લી જિલ્લામાં કાગળ પર શૌચાલય બનાવવાનું મહા કૌભાંડ

## ભ્રષ્ટ તંત્ર માટે શૌચાલય યોજના સોનાના ઈંડા આપતી મુર્ગી સમાન

મોડાસા, તા. ૧૫

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિએ સાબરમતી રિવરફ્રન્ટ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બટન દબાવીને ભારતને ખુલ્લામાં શૌચ મુક્ત જાહેર કર્યું પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડનગર સહીત ઉત્તર ગુજરાતના શહેરી વિસ્તારોમાં લોકો ખુલ્લામાં શૌચ કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં વડાપ્રધાનની મહત્વાકાંક્ષી યોજનાને પણ તંત્રએ પૈસા બનાવવાનો ધંધો બનાવ્યો હોય તેમ ગ્રામ્ય વિસ્તારોમાં શૌચાલયો ખંડેર બની પડ્યા છે. જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર અને જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા જીલ્લામાં બનાવશે શૌચાલયની તપાસ કરાવે તો લાખ્ખો કરોડો રૂપિયાનું કૌભાંડ પ્રકાશમાં આવી શકે છે.



સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વ્યક્તિગત શૌચાલયનું મહાકૌભાંડ અરવલ્લી જીલ્લાના તમામ તાલુકાઓમાં આચરવામાં આવ્યું છે અને તેમ છતાં એકપણ તાલુકાના જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું નથી કારણકે જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીથી માંડીને તાલુકા અને ગ્રામ્ય પંચાયત સુધી તમામ લાગતા વળગતાઓને ભાગે નિયત રકમ વહેંચાઈ જતી હોવાથી હજ્જારોની સંખ્યામાં બનેલા શૌચાલયોમાં વ્યાપક ભ્રષ્ટાચાર કોઈપણ જાતની અડચણ વગર આચરવામાં આવ્યો હોવાનો અને ઉચ્ચ અધિકારીઓ અને જીલ્લા પંચાયત પ્રમુખ કે તાલુકા પંચાયતના પ્રમુખોએ પણ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ફાળવાયેલા સરકારના કરોડો રૂપિયા એળે ગયા હોવા છતાં સૂચક મૌન ધારણ કરી લઈ આડકતરી રીતે ભ્રસ્ટાચારને પ્રોત્સાહન આપ્યું હોવાનું ખુલ્લામાં શૌચ કરવા મજબુર બનેલા લોકો અને જાગૃત નાગરિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન ગ્રામ્ય અને શહેરી યોજના અંતર્ગત વ્યક્તિગત શૌચાલય બનાવવાની યોજના અમલમાં મુકાઈ હતી જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓ અને દીકરીઓને ખુલ્લામાં જવું પડતું હોવાથી તેઓની મર્યાદા અને સ્વચ્છતાને ધ્યાને લઈને વ્યક્તિગત શૌચાલય દીઠ રૂ.૧૨૦૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી જેમાં તમામ ગામોમાં શૌચાલયના હોય તેવા દરેક ઘરમાં શૌચાલય બનાવવા નાણાકીય સહાય આપવાની હતી પરંતુ વ્યક્તિગત શૌચાલય ગ્રાન્ટ આપવાના બદલે શૌચાલય બનાવવાનો કોન્ટ્રાકટ જ આપી દેવામાં આવ્યો હતો. તાલુકા-જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી સાથે સાંઠગાંઠ ધરાવતા કેટલાક કોન્ટ્રાકટરોએ વ્યક્તિગત શૌચાલયોના આવેદન તૈયાર કરીને આખેઆખી ફાઈલો ફોટો તૈયાર કરીને રકમ મંજુર કરાવવાનું મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગામડાના કારીગરોને માત્ર રૂ.૭૦૦૦ આપીને શૌચાલયોની દીવાલો અને દરવાજા નાખી દેવામાં આવ્યા હતા અને તાલુકા પંચાયતના જવાબદાર અધિકારી, સરપંચ અને તાલુકા ગ્રામ વિકાસ એજન્સીના જવાબદારોમાં ૩૦૦૦ રકમ વહેંચાઈ જતી હતી જયારે કોન્ટ્રાકટરને માત્ર ફાઈલ તૈયાર કરીને આપવાના રૂ.૨૦૦૦ મળ્યા હતા.

સમગ્ર રકમ લાભાર્થીના ખાતામાં જમા થતી હતી તેમ છતાં લાભાર્થીનું શૌચાલય મંજુર થાય એટલે અગાઉથી ચેક મેળવી લઈ વ્યવસ્થિત રીતે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. શૌચાલયના કોન્ટ્રાકરો મોટે ભાગે અધિકારીઓ અને કર્મચારીઓ સાથે મીલીભગતથી સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું છે. કેટલાક તાલુકાઓમાં તો લાભાર્થીના બદલે બારોબાર કોન્ટ્રાકટરોના ખાતામાં શૌચાલયની રકમ જમા કરી દેવામાં આવતી હોવાની બૂમો ઉઠી હતી.

જવાબદાર તંત્ર અને કેટલાક ગામડાઓના સરપંચ સાથેની મીલીભગતથી અને અરવલ્લી જીલ્લા પંચાયતની ઘોર બેદરકારીના કારણે સરકારના કરોડો રૂપિયાના ખર્ચો કર્યા પછી પણ મહિલાઓ-દીકરીઓની આબરૂ સાચવતી જોવા મળતી નથી અને સ્વચ્છ ભારત મિશનનો પણ છેદ ઉડી ગયેલો જોવા મળે છે. અધૂરા શૌચાલયોના પગલે હજુપણ ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લામાં શૌચ ક્રિયા જવા લોકો મજબુર બન્યા છે ત્યારે આ અંગે જીલ્લા કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારી દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે તો જિલ્લાના અનેક તાલુકાઓમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ભૂતિયા શૌચાલયનું મહાકૌભાંડ બહાર આવી શકે છે.



### ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો ઉઠી હોવા છતાં પણ અધિકારીઓએ મૌન ધારણ કરી લીધું

અરવલ્લી જિલ્લાના કેટલાક તાલુકાઓમાં શૌચાલયો માત્ર કાગળ પર બનાવી દઈને રૂપિયા હડપ કરી દેવામાં આવ્યા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતી રહી છે. અગાઉથી જ શૌચાલય ધરાવતા ઘરને પણ લાભાર્થી તરીકે સમાવી દેવામાં આવ્યા હતા અને તેમના નામે પણ શૌચાલયની ગ્રાન્ટની રકમ હડપ કરવામાં આવી હોવાની અનેક બૂમો ઉઠી હતી તેમ છતાં જવાબદાર અધિકારીઓએ જે તે સમયે મૌન ધારણ કરી દીધું હતું.

### ભ્રષ્ટાચારની ફાઈલ બંધ

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વ્યક્તિગત શૌચાલય બનાવવા લાભાર્થીને રૂ.૧૨૦૦૦ ચુકવવામાં આવતા હતા જોકે સમગ્ર મામલામાં કેટલીક ગ્રામપંચાયત, તાલુકા અને જિલ્લાના જવાબદાર કેટલાક અધિકારીઓએ નેટવર્ક ગોઠવીને વ્યાપક ભ્રષ્ટ્રાચાર આચર્યો હતો અનેક ગામડાઓમાંથી કૌભાંડની અનેક બૂમો ઉઠી રહી હોવા છતાં ઉપરથી નીચે સુધી બધા સરકારી બાબુઓએ હળીમળીને ભ્રષ્ટાચાર આચર્યો હોવાના કારણે આજદિન સુધી એકેય જવાબદાર સામે કાર્યવાહી થઈ ન હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# પાલનપુરની હરિઓમ સોસાયટીની પાછળ ગંદા પાણીના નિકાલ મુદ્દે આંદોલનની ચિમકી

### વોર્ડ નંબર ૩માં ગંદકીના સામ્રાજ્ય વચ્ચે રોગચાળાએ માથું ઊંચક્યું

પાલનપુરમાં વોર્ડ નંબર ૩ માં આવેલી હરિઓમ સોસાયટી પાછળ જ નગરપાલિકા દ્વારા ગંદા પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો હોઈ રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. જ્યાં રવિવારે એકત્રિત થયેલા રહીશોએ જો આ સમસ્યાનો ઉકેલ નહિ આવે તો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

પાલનપુર શહેરના ગંદા પાણીનો નિકાલ અગાઉ સદરપુર નજીક કરવામાં આવતો હતો. જોકે, ત્યાં રાજીવગાંધી આવાસ બનાવી દેવામાં આવ્યા છે. વર્તમાન સમયે ગંદા પાણી માનસરોવર તેમજ અન્ય જગ્યાએ ઠાલવવામાં આવી રહ્યા છે. જેમાં વોર્ડ નંબર ત્રણમાં હરિઓમ સોસાયટી પાછળ ગંદા પાણીનો નિકાલ કરવામાં આવતો હોઈ સ્થાનિક રહીશોમાં ભારે રોષ ઉદ્દભવવા પામ્યો છે. જ્યાં રવિવારે સ્થાનિક નગર સેવિકા આશાબેન રાવલ સહિત રહીશો એકત્રિત થયા હતા. તેમણે આક્રોશ પૂર્વક જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં ગંદુ પાણી ભરાઈ રહેતા લોકો ડેન્ગ્યુ સહિત મચ્છરજન્ય બિમારીમાં સપડાયા છે. તેમજ ભયંકર રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. આ અંગે નગરપાલિકામાં વાંરવાર રજુઆત કરવા છતાં પણ કોઈજ ઉકેલ આવતો નથી. જો ગંદા પાણીના નિકાલની તાત્કાલિક વ્યવસ્થા નહીં થાય તો આંદોલન કરવામાં આવશે.



# ખેડૂત સાથે છેતરપિંડી આચરનાર વેપારીને સાત વર્ષની કેદ

### ડીસાના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટનો ચુકાદો

ડીસા

ડીસા માર્કેટયાર્ડમાં વેપારી પેઢી ધરાવતા વેપારી દ્વારા ખેડૂતની ખેત પેદાશો ખરીદી તેના રૂપિયા પોતાના અંગત કામમાં વાપરી ખેડૂત સાથે વિશ્વાસઘાત કરી તેની સામે ખોટા કેશ કરી હેરાન કરવા બાબતે પીડિત ખેડૂતે ફરિયાદ નોંધાવેલ તેનો કેશ ડોસાની કોર્ટ માં ચાલી જતા નામદાર કોર્ટે દોષિત વેપારીને વિવિધ કલમોમાં સાત વર્ષની કેદ અને પાંચ હજારના દંડની સજા ફટકારી હતી.

આ કેશની પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા માર્કેટયાર્ડમાં સોમનાથ બ્રધર્સ નામની પેઢી ધરાવતા રણછોડભાઈ સોનાજી રાજગોરને ત્યાં મોટી મહુડી ગામના ખેડૂત કરશનભાઇ જવાભાઈ પટેલ પોતાની ખેતપેદાશો વેંચતા હતા તેમજ તેના હિસાબના રૂપિયા માંગતા આ બાબતે વેપારી રણછોડભાઈ દ્વારા તેમનું ખાતું બેન્કમાં ખોલાવીને તેમાં તમારા રૂપિયા જમા કરાવીશ તેમ કહી ખેડૂત નું ખાતું ખોલાવી તેની પાસ બુક -ચેકબુક પોતાની પાસે રાખેલ તેમજ પોતે વીમા પોલિસિ બાબતે પણ ખેડુત પાસેથી પ્રીમિયમના નામે રૂપિયા લઈ વાપરી નાખેલ જેથી ખેડૂત દ્વારા અવાર નવાર તેની ઉઘરાણી કરવા છતાં નાણા પરત આપેલ નહિ ઉલટાનું ખેડૂતને ખોટા કેશમાં ફસાવી દઈસ તેવી ધમકીઓ આપેલ એટલું જ નહીં, ખેડુતની ખાતાની ચેક બુક પોતાની પાસે હોઈ ખેડૂત ના નામનો મોટી રકમનો ચેક બેન્કમાં ભરેલ પરંતુ બેલેંસ ન હોઈ ચેક બાઉન્સ થતા ખેડૂત ઉપર ખોટો કેસ કરેલ આખરે હેરાન પરેશાન પીડિત ખેડૂત કરશનભાઈએ આ મામલે ડીસા સીટી પોલીસ મથકમાં રણછોડભાઈ રાજગોર વિરુદ્ધ સને ૨૦૦૫ માં પોલિશ ફરિયાદ કરેલી જે નો કેશ એડિશનલ ચીફ જ્યૂડિસીયલ મેજિસ્ટ્રેટશ્રી એમ. ડી.બ્રહ્મભટ્ટ સાહેબની કોર્ટમાં ચાલી જતા તારીખ ૧૫/૧૦/૧૯ ના રોજ કોર્ટે કસૂરવાર રણછોડભાઈ રાજગોરને આઈ. પી. સી.કલમ ૪૦૬ માં ૩ વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ કલમ ૪૨૦ માં ૭ વર્ષની સજા અને ૫૦૦૦નો દંડ કલમ ૪૬૫ માં ૨ વર્ષની સજા અને ૫૦૦૦નો દંડ કલમ ૪૬૭ માં ૭ વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ કલમ ૪૬૮ માં ૭ વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ કલમ ૪૬૯ માં ૩ વર્ષ અને ૫૦૦૦ દંડ તેમજ કલમ ૪૭૭ માં ૭ વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ ફટકાર્યો હતો .

# ક્લાર્કની ભરતી બાબતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસની ઉગ્ર રજૂઆત

હિંમતનગર,તા. ૧૫

બિન સચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટની પરીક્ષા અચાનક જ રદ કરી દેવાતા ઠેર ઠેર આ નિર્ણયનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસે આ બાબતે ઉગ્ર રજૂઆત કરી છે.

સાબરકાંઠા જિલલ્લા કોંગ્રેસના ઈશાક શેખ, રતનબેન સુતરીયા, મિલકતસિંહ રાઠોડ સહિતના આગેવાનોએ આ બાબતે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મણીભાઈ આઈ. પટેલને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે બિન સચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસીસટન્ટની ૩૭૩૮ જગ્યાઓ માટે છેલ્લા દોઢ વર્ષથી લાખો યુવાનો મહેનત કરી રહ્યા છે. પરીક્ષાના અંતિમ દિવસોમાં જ અચાનક જ ગૌણ સેવા પસંદગી મંડળે આ પરીક્ષાઓ રદ કરવાનો નિર્ણય કરતા લાખો યુવાનો નિરાશ થયા છે. તેઓની મહેનત પાણીમાં ગઈ છે. આ મુદ્દે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષનો ‘મને ખબર નથી’ તેવો જવાબ તદન ઉડાઉ અને બેજવાબદારીપૂર્ણ છે. જ્યારે નાયબ મુખ્યમંત્રી ભરતી પ્રક્રિયામાં લાયકાત બદલવાની વાતો કરે છે. આ સમગ્ર ઘટના ગુજરાતના શિક્ષિત યુવાનો સાથે ક્રૂર મજાક સમાન છે. રાતોરાત પરીક્ષા રદ કરવાને કારણે લાખો યુવાનોને આર્થિક નુકશાનની સાથોસાથ માનસિક ત્રાસ પહોંચ્યો છે. આ બાબતે તટસ્થ તપાસની સાબરકાંઠા કોંગ્રેસે માંગ કરી છે.



# બનાસકાંઠામાં દેશી દારૂના અડ્ડાઓ પર પોલીસ ત્રાટકી

### ૫૩ ટીમો બનાવી ૧૪૬ કેસો કરાયા

રાજસ્થાનના મુખ્ય મંત્રીએ ગુજરાતમાં દારૂના વેચાણ અંગે કરેલી ટીપ્પણી બાદ રાજ્ય સરકારે બુટલેગરો સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરી છે. જ્યાં બનાસકાંઠામાં સોમવારે પોલીસે ડ્રાઈવ યોજી દેશી દારૂના અડ્ડાઓ ઉપર ત્રાટકી હતી. દિવસભર જુદીજુદી ટીમો દ્વારા કુલ ૧૪૬ કેસ કરવામાં આવ્યા હતા.

બનાસકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસના જવાનો સતત ખડેપગે રહી પોતાની ફરજ બજાવી રહ્યા છે. જોકે, જિલ્લામાં કેટલાક બુટલેગરો પોલીસની આંખોમાં ધૂળ નાંખી ખાસ કરીને ગ્રામિણ વિસ્તારોમાં દેશી દારૂનો વેપલો કરતા હોવાની ફરિયાદો ઉઠતી હોય છે. આવી સ્થિતિ વચ્ચે રાજસ્થાનના મુખ્ય મંત્રીએ ગુજરાતમાં દારૂના વેચાણ અંગે કરેલી ટીપ્પણી બાદ રાજ્ય સરકારે બુટલેગરો સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરી છે.

જ્યાં બનાસકાંઠા જિલ્લા પોલીસવડા તરૂણ દુગગલ, એલસીબી પીઆઇ પી. એલ. વાઘેલા સહિત જિલ્લાના તાલુકા પી. એસ. આઇઓ સહિતની જુદીજુદી ૫૩ ટીમો બનાવી પોલીસે ડ્રાઈવ યોજી દેશી દારૂના અડ્ડાઓ ઉપર રેડ કરી હતી. દિવસભર પાલનપુર, વડગામ, દાંતા, ધાનેરા, અમીરગઢ, દાંતીવાડા, ડીસા, થરાદ, વાવ, લાખણી, સુઈગામ, ભાભર, દિયોદર, કાંકરેજ સહિતના વિસ્તારોમાં જુદીજુદી ટીમો દ્વારા દેશી દારૂના ૧૪૪ અને વિદેશી દારૂના ૨ મળી કુલ૧૪૬ કેસ કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીના પગલે બુટલેગરોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.



### ૩૪૧ નિષ્ફળ રેડ

જિલ્લામાં વહેલી સવારે જ દેશી- વિદેશી દારૂના અડ્ડાઓ ઉપર પોલીસ ત્રાટકી હતી. જેમાં દેશી દારૂની નિષ્ફળ રેઈડ ૩૨૫ તથા વિદેશી દારૂની નિષ્ફળ રેઈડ –૧૬ એમ કુલ ૩૪૧ નિષ્ફળ રેઈડ કરવામાં આવી હતી.

# પાલનપુરમાં ભૂલથી એસીડ પી જતાં મહિલાનું મોત

પાલનપુર,

પાલનપુરમાં એક મહિલાને ત્રીજા માસે પ્રસુતી થતાં સારવાર ચાલતી હતી. જે દરમિયાણ તેણી દવાને બદલે ભૂલથી એસીડ પી જતાં મોત નિપજ્યું હતુ. આ અંગે પોલીસ મથકે જાણ કરવામાં આવતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરના ગોબરી રોડ વિસ્તાર માં રહેતા ૩૨ વર્ષીય સુનિતાબેન દિનેશ ભાઇ પટણીને ત્રીજા માસે ડિલેવરી થઇ હતી. જેની પાલનપુર સિવિલ હોસ્પિટલની દવા ચાલતી હતી. જોકે, તેણીએ કર્ણાવત હાઈસ્કુલ પાછળ આવેલા એક ખેતરમાં રવિવારે દવાની જગ્યાએ ભૂલથી એસીડ પી લેતાં તેનું મોત નિપજ્યું હતુ.

આ અંગે તેના પતિ દિનેશભાઈ જીણાભાઈ પટણીએ પૂર્વ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધાનેરા તાલુકાના મેડા અને માલોતરા ગ્રામ પંચાયતની ચૂંટણીની આજે મતગણતરી હાથ ધરાઈ

ધાનેરા તાલુકાના મેડા અને માલોતરા ગ્રામ પંચાયતની ચૂંટણીની આજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં સરપંચ તરીકે ઉમાભાઈ દલાભાઈ ધુણીયા નો વિજય થયો હતો મોટામેડા ગામે સરપંચ તરીકે વરજુબેન જોઈતાભાઇ વણકર નો વિજય થયો છે.

ધાનેરા તાલુકાના માલોતરા અને મોટામેડા ગામે ૧૩ તારીખ ના રોજ ગ્રામ પંચાયતના સભ્ય અને સરપંચ માટેની ચૂંટણી યોજાઈ હતી જેમાં વાત કરવામાં આવે માલોત્રા ની માલોત્રા ગામે સભ્ય અને સરપંચ માટે ચૂંટણી યોજાઇ હતી જેમાં વોર્ડ નંબર ત્રણ ચાર ૮ ૯ ૧૦ અને ૧૨ વોર્ડમાં ઉમેદવાર બિનહરીફ જાહેર થયા હતા તો વોર્ડ નંબર ૧ ૨ ૫ ૬ ૭ અને ૧૧ ની ચૂંટણી યોજાઈ હતી જેમાં વોર્ડ નંબર એકમાં ભાવીબેન દેવરાજભાઈ પટેલ વોર્ડ નંબર ૨ માં દલસીબેન કેરાભાઈ ફોક વોર્ડ નંબર ૫ કૈલાસબેન માધુ સિંહ રાજપૂત વોર્ડ નંબર છ મા માશુંગભાઈ મેહ્નદભાઈ ચૌધરી વોર્ડ નંબર સાત માં કેહરભાઈ પ્રેમાભાઈ રબારી વોર્ડ નંબર ૧૧ ગોકળભાઈ હરજીભાઈ બોબી નો વિજય થયો હતો.

જયારે સરપંચ તરીકે ઉમાભાઈ દલાભાઈ ધુણીયા નો વિજય થયો છે વાત કરવામાં આવેલ મોટા ગ્રામ પંચાયતની તો મોટા ગ્રામ પંચાયતમાં પણ સભ્ય અને સરપંચની ચૂંટણી યોજાઈ હતી જેમાં વોર્ડ નંબર ૨ ૩ અને ૪ ના ઉમેદવાર બિનહરીફ થયા તો થયા હતા તો વોર્ડ નંબર એકમાં શાંતાબેન શંકરભાઈ ચૌધરી વોર્ડ નંબર ૫ માં બળવંતભાઈ સવાસીભાઈ ગોહિલ વોર્ડ નંબર ૬ માં મફીબેન જગશીભાઈ ગોહિલ વોર્ડ નંબર સાત માં ચમનભાઈ દેવાભાઈ વણકર વોર્ડ નંબર ૮ માં પ્રવીણભાઈ થાનાભાઈ ભીલ નો વિજય થયો હતો અને સરપંચ તરીકે વરજુબેન જોઈતાભાઈ વણકર નો વિજય થયો છે.



# આમ આદમી બનાસકાંઠા દ્વારા બિન સચિવાલય કલાર્કની પરીક્ષા રદ અને લાયકાત બદલવા મુદ્દે કલેકટરને આવેદનપત્ર

રાજ્યની ભાજપ સરકાર દ્વારા તા.૯મી ઓક્ટોબર નાં રોજ બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા એકાએક રદ કરાઈ હતી. જે પરીક્ષામાં ૧૦ લાખથી વધું ઉમેદવારો બેસવાના હતાં. અચાનક પરીક્ષા રદ કરી લાયકાત પણ બદલી દેવાતા લાખો ઉમેદવારોનું ભાવિ ધૂંધળું બન્યું છે. ત્યારે બનાસકાંઠા આમ આદમી પાર્ટીએ ઉમેદવારોની વ્હારે ચડી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી હતી.

બિન સચિવાલય ક્લાર્ક માટે ધોરણ ૧૨ની લાયકાત સાથે વર્ષ ૨૦૧૮ માં જાહેરાત આવેલી હતી. એટલે ધોરણ ૧૨ પાસ લોકોએ ઉમેદવારી કરીને પરીક્ષાની ખૂબ પુર્વ તૈયારી કરેલી. સતત ૧૫ મહિના ની મહેનત પછી સરકારે ૧૦% અનામત વધારી એટલે ફરી ફોર્મ ભરાયા એમાં ૩ મહિના પરીક્ષા ખેંચાઈ તેમ છતાં વિદ્યાર્થીઓ તૈયારી કરતા રહયા અને ૨૦ ઓક્ટોબરનાં રોજ પરીક્ષા હોવાથી ઘણા વિદ્યાર્થીઓ એ નવરાત્રી ગણેશ ચતુર્થી જેવા તહેવારો ઉજવ્યા વગર તૈયારી કરી હતી. ત્યારે અચાનક સરકારે પરીક્ષા રદ કરી તમામ બેરોજગાર યુવાઓનું ભવિષ્ય દાવ પર લગાડી દીધું અને સાથે સાથે સરકારે પરીક્ષા ની લાયકાત પણ બદલી નાંખી.